Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

જેઠ

પુસ્તક ૭૭ મું
અંક ૮
૧૫ મી મે

વીર સં. ૨૪૮૭
વિ. સં. ૨૦૧૭
ઇ. સ. ૧૯૬૧

मूलमेयमहम्मस्स
महादोससमुस्सयं ।
तम्हा मेहुणसंसग्गं,
निग्गंथा वज्जयन्ति णं ॥ ३ ॥

विभूसा इत्थिसंसग्गो,
पणीयं रसभोयणं ।
नरस्सऽत्तगवेसिस्स,
विसं तालउडं जहा ॥ ४ ॥

નિર્ગ્રંથજનો અબ્રહ્મચર્યનો—મૈથુનસંસ[illegible] ત્યાગ કરે છે, કારણ કે અબ્રહ્મચર્ય અધર્મનું મૂળ [illegible], તેમ જ મોટા મોટા દોષોનું સ્થાન છે.

જે મનુષ્ય પોતાના ચિત્તને શુદ્ધ ક[illegible]—પોતાના સ્વરૂપની શોધ કરવા—તત્પર બન્યો છે, તેને [illegible] દેહનો શણગાર, ખાતાં જ પ્રાણ જાય એવા તાલપુ[illegible] ભયંકર છે; વળી તેને માટે સ્ત્રીઓનો સંસર્ગ [illegible] જ ઝેર જેવો ભયંકર છે; તેમ જ તેને માટે [illegible] તથા દૂધ, મલાઈ, ઘી, માખણ અને વિ[illegible] વગેરે યુક્ત વિધવિધ ભોજન પણ એવા જ ભયંકર છે.

—મ[illegible]

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૮૫૫॥= શ્રી મોંઘીબેન સ્મારક
૪૬૬।= શ્રાવણ સુદી ૩ માછલાની જાળ
૨૫૬॥≡ કારતક સુદી ૨ પ્રભાવના
૪૦૦) શ્રી કુંવરજીભાઇ સ્વર્ગવાસ તીથી પૂજા
૫૦૦) કારતક સુદી ૬ ના ટીફીન
૭૧૯॥=॥ લીલાવંતી ફીકાભાઈ
૧૦૪॥ શ્રી ગીરધરલાલ દેવચંદ
૧૨૪॥=। શ્રી ચુનીલાલ દુર્લભદાસ પારેખ
૧૦૩૪॥= ગાંધી અમરચંદ ઘેલાભાઇ
૯)= શ્રી સાધુ–સાધ્વી વૈયાવચ્ચ
૨૩૪।=। શ્રી અઠ્ઠમાતી તપસ્યા પ્રભાવના
૫૫૭॥=। શ્રી શ્રાવીકા સમુદાય ખાતે
૮૭॥≡ સાધ્વીશ્રી લાભશ્રીજી
૫૪૭॥૦। શ્રી પારેવાની જુવાર ખાતે
૧૮૦।- શ્રી પરચુરણ દેવા
૮॥- શ્રી સાધ્વીજી ઉતમશ્રીજી મહારાજ
૨૫૨૮।-॥ શ્રી પુસ્તકોના વધારાના
૧૪૧) શ્રી લાઇબ્રેરી ડીપોઝીટ
૮૨।-। આચાર્ય શ્રી વિજયભક્તીસૂરીશ્વરજી
૩૨॥૦॥ મેમ્બરોના જમા

૮૧૭૩૪॥≡

૨૫૭૩૪)≡॥ શ્રી સભાના મકાન ખાતે
૨૨૨૯)≡॥ શ્રી કુંવરજીભાઈ સ્મારક ખાતે
૧૦) શ્રી ગોધરા ઇલેક્ટ્રીક ડીપોઝીટ
૧૦૦૬।= શ્રી મકાનના ભાડુતો પાસે
૯૧૪॥=। બુકસેલરો પાસે
૧૨૦૦૦) શ્રી માસ્ટર સીક્ક મીલ્સ
૩૧૪॥≡ ટાઇટલ કાગળ ખાતે
૯૧૫૬)૦। શ્રી સભાના પુસ્તકો
૧૩૩॥ વાર્ષીક મેમ્બરો ખાતે
૫૧॥- શ્રી વી.પી. ખાતે
૨। સરવૈયા ફેર

૮૧૩૫૯।૦॥

૩૭૫।=। શ્રી પુરાંત છે.

૮૧૭૩૪॥≡

સંવત ૨૦૧૩

જ

૪૧૨૬॥≡॥ શ્રી સભા ખાતે
૪૯૮૬૩। શ્રી લાઈફ મેમ્બર ફી
૧૨૦૩૩॥≡ શ્રી જીવદયા ખાતે
૪૬૪૪॥≡ શ્રાવણ સુદી ૩ વરસગાંઠ
૩૧૧૦॥- શ્રીભુવનદાસ ભાણજી કન્યાશાળા
૯૧૯)- મોંઘીબેન સ્મારક ખાતે
૪૮૩॥-॥ શ્રાવણ સુદી ૩ માછલાની જાળ
૫૦૦) કા. સુદી ૬ ના ટીફીન
૨૬૬॥૦॥ કારતક સુદી ૨ પ્રભાવના
૪૦૦) કુંવરજીભાઇ પૂજા તીથી ફંડ
૭૧૯॥=॥ લીલાવંતી ફીકાભાઈ
૧૦૪॥ ગીરધરલાલ દેવચંદ
૧૨૪॥=। શ્રી ચુનીલાલ દુર્લભજી પારેખ
૧૦૩૪॥= અમરચંદ ઘેલાભાઇ
૨૩૪।=। અઠ્ઠમાતી તપસ્યા પ્રભાવના
૫૫૭॥=। શ્રી શ્રાવક-શ્રાવીકા સમુદાય
૮૭॥≡ સાધ્વીજી લાભશ્રીજી
૫૪૭॥૦। શ્રી પારેવાની જુવાર
૨૪॥= ભગવાનદાસ મનસુખલાલ
૮॥- સાધ્વીશ્રી ઉતમશ્રીજી
૧૦૩)=॥ પરચુરણ દેવા
૧૨૩) લાઇબ્રેરી ડીપોઝીટ
૨૬૪૦≡॥ પુસ્તકોના વધારા ખાતે

૮૨૬૬૧)-॥

ઉ

૧૦)≡ શ્રી ટીકીટના મેળ ખાતે
૧૩॥-॥ શ્રી સભાસદના ફી ખાતે
૧૧૮૩૭।૦। શ્રી લાયબ્રેરી ખાતે
૩૫૦૭॥-॥ શ્રી વેચવાના પુસ્તકો ખાતે
૭૭૨૮॥-। શ્રી જૈન ધર્મ પ્રકાશ
૭૪૩૯)-॥ શ્રી સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર
૨૫૭૬૯)≡॥ શ્રી સભાના મકાન ખાતે
૨૨૯૧)≡॥ શ્રી કુંવરજીભાઇ સ્મારક
૧૦) શ્રી ઇલેક્ટ્રીક ડીપોઝીટ
૭૩૨।= મકાનના ભાડુતો પાસે
૭૯૬।-॥ બુકસેલરો પાસે
૧૨૦૦૦) માસ્ટર સીલ્ક મીલ્સ
૮૯૪૪॥-। શ્રી સભાના પુસ્તકો ખાતે
૩૬૦।- શ્રી વાર્ષીક મેમ્બરો ખાતે
૮)= ખુશાલચંદ વસ્તાભાઈ
૧॥≡॥ સરવૈયા ફેર

૮૧૪૫૮॥≡।

૧૨૦૨।=। શ્રી પુરાંત છે.

૮૨૬૬૧)-॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૭ મું : : વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | દોહરા .... .... | (સંપાદક ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા) | ૮૧ |
| ૨ | સતી સૌદામીની .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૮૨ |
| ૩ | શ્રી વર્દ્ધમાન મહાવીર : ૩૩ .... .... .... | (સ્વ૦ મૌક્તિક) | ૬૭ |
| ૪ | ભરેલો ઘડો છલકાતો નથી .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૮૭ |
| ૫ | જિન ચતુસ્ત્રિંશદતિશયસ્તવ : સાનુવાદ | (પ્રો. હીરાલાલ ર. કાપડીયા M. A.) | ૮૮ |
| ૬ | શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક-સાર્થ : ૩૬ | (આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મ.) | ૭૬ |
| ૭ | उपाध्याय मेघविजय रचित चित्रकोश-विज्ञप्ति लेख | (અગરચંદ નાહટા) | ૯૫ |
| ૮ | પુસ્તકોની પહોંચ .... .... .... .... | ટા. પેજ | ૩ |


## પ્રકાશનો અંક

ગત તા. ૧૫ મી મેના રોજ જેઠ માસનો આઠમો અંક પ્રસિદ્ધ થયા પછી અધિક માસ (દ્વિતીય)નો અંક નિયમ મુજબ બંધ રહેવાથી અશાડ માસનો નવમો અંક તા. ૧૫ જુલાઈના રોજ પ્રસિદ્ધ થશે.

## પૂજા ભણાવવામાં આવી

આપણી સભાના પરમ ઉપકારી પૂજ્ય શાન્તમૂર્તિ મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજશ્રીની સ્વર્ગવાસ તિથિ નિમિત્તે વૈશાખ શુદ ૮ ને રવિવારના રોજ સવારના નવ કલાકે સામાયિક શાળામાં તેઓશ્રીની મૂર્તિ સમીપે શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવી હતી, જે સમયે પૂજ્ય સાધુ-સાધ્વીગણ ઉપરાંત સભાસદ બંધુઓની અને સદ્‌ગૃહસ્થોની સારી હાજરી હતી.

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહા... ના ...શ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી ... સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ ... —શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

For Private And Personal Use Only





| પુસ્તક ૭૭ મું<br>અંક ૮ | જેઠ | વીર સં. ૨૪૮૭<br>વિક્રમ સં. ૨૦૧૭ |
|---|---|---|


**દોહરા**

આદિમાં આદિ નમું, ધર્મ આદિ કરનાર,
મોહ પંકમાંથી કર્યો, જેણે જગ ઉદ્ધાર. ૧

સત્વ બલ તપ સંયમે અજિત જે જગમાંય,
અજિત રાગ દ્વેષાદિથી નમું અજિત જિનરાય. ૨

સંભવ સુખ સમૃદ્ધિનો, સંભવ સંભવતાં જ,
તે સંભવના સ્મરણથી, સંભવ ભવનો નાશ. ૩

જેના ગુરુ ગુણ ગ્રામને અભિનંદે બુધ વૃંદ,
તે અભિનંદન નાથને અભિવંદન સુખકંદ. ૪

નિર્વાસિત કુમતિ કરી, સ્થાપ્યું સુમતિ રાજ,
તે સુમતિ જિન પાસ હું યાચું સુમતિ આજ. ૫

પદ્મ સમા પદ્મપ્રભુ ભવ્ય-પદ્મના ભાણુ,
ત્રિદોષ રાત્રી ત્રાસથી કરો અમારૂં ત્રાણુ. ૬

સંસ્થિત સ્વરૂપ સુપાર્શ્વમાં સુપાર્શ્વ જે મહાભાગ,
દેહાધ્યાસ અનાદિનો ટાળો તે વીતરાગ. ૭


ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા
એમ. બી. બી. એસ.

( 'લલિત વિસ્તરા' માંથી )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સતી સૌદામિની

( વિજળીને સતીની ઉપમા આપવામાં આવી છે. એની અદ્‌ભુત શક્તિનું વર્ણન કરી એની મર્યાદા જાળવવાનું સૂચવ્યું છે )

( મદિરા છંદ )

ઘનમાળામાં રહી છુપાઈ વશ ન થઈ કોઈ દુર્જનને,
સાળે ચળકે અદ્‌ભુત તેજે મહાસતી નિજ પુણ્યધને;
દીપ્તિ એહની આંખ ન સહતી સૌદામિની રહી ગગનભણી,
શક્તિ અનંતી એહ ધરાને ગણી ન શકાએ અંક ગણી. ૧

પરવશતા એ સહે નહીં પણ કર્મવશે એ થઈ રાણી
દીવા ઘરઘર પ્રગટાવે ને અજવાળે પથ નિપુણ ઘણી;
દળે ઘંટડી કરે રસોઈ જુઓ બની એ સુગૃહિણી,
કર્મ કુટિલતા ઉતારતી જે ભલભલાના સહુ પાણી. ૨

પ્રતારણા નહીં એની કરવી મહાસતી એને જાણી,
આભામાં છે રહ્યું છુપાઈ સતિત્વનું નિર્મળ પાણી;
કદી કરે કોઈ એની સાથે ચાળા મૂર્ખ અજાણ બની,
ક્ષણમાં કરતી ભસ્મ એહને બની સક્ષસી ચંડ ઘણી. ૩

તાણે રથમાલા એ ભારી પ્રચંડ વેગે ભૂમિ મહી,
પ્રમર ખંડો ચૂર્ણ કરે છે વિશીર્ણ સતત વેગ લહી;
પંખી સમ એ વાયુવાનને ગગનાંગણમાં વહન કરે,
વજ્ર લોહને કરે પ્રવાહિત સરિતા કરી તસ ગર્વ હરે. ૪

પ્રચંડ યંત્રોતણી નિર્મિતી ક્ષણભરમાં એ કરી આપે,
સૂક્ષ્મ અણુમાં અતિવ ગર્ભિતા શક્તિ રહી છે તે માપે;
સેવાભાવે નમન કરંતા બહુલ કાર્ય એ પ્રગટાવે,
પણ સંહારક એહ બને છે રાક્ષસ હાથે જો આવે. ૫

સતી તેજને કોઈ નં સહે માતા નિજ ગણવી એને,
એના આશીર્વાદે પુણ્યે આ સંસાર સુસહ્ય બને;
પ્રાતઃકાળે સ્મરણ ,સતીના નામોનું કરવું ભાવે,
બાલેન્દુ માને છે એથી મુક્તિ નિકટ સ્હેજે આવે. ૬

કવિ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન-મહાવીર

લેખાંક : ૩૩

## વિજયયાત્રા અને રાજ્યાભિષેક :

દક્ષિણ પથમાં આવેલા નાનકડા પોતનપુરનો નાનો ફટાયો અત્યારે અર્ધ ભરત પર વિજય કરવા નીકળી પડ્યો. મોટાભાઈ અચળ એની સાથે જ રહ્યા. રાજા પ્રજાપતિ વાનપ્રસ્થ થઈ ગયા. ત્રિપૃષ્ઠ ભારે બહાદુર હતો, પાકો લડવૈયો હતો, અસાધારણ સાહસિક હતો, લીધેલ વાતને કદી ન છોડી દે તેવો આગ્રહી હતો અને જરૂર વખતે લાખોનો સંહાર કરવામાં જરાપણ પાછો ન હઠે તેવો હતો. એણે તો પોતનપુર જવા પહેલાં જ વિજય પ્રસ્થાન શરૂ કરી દીધું. પૂર્વ દિશામાં મગધપતિને સાધ્યો, તેના પર વિજય મેળવ્યો, તેની પાસે પોતાની આજ્ઞા સ્વીકારાવી. દક્ષિણમાં વરદામ ક્ષેત્રની સાધના કરી. પૂર્વમાં પ્રભાસનો આખો પંથક કબજે કર્યો અને વચ્ચે જે જે રાજાઓ ઉંચું માથું કરવા લાગ્યા તેને એણે મારી હઠાવ્યા અને કરેકની પાસે પોતાની આજ્ઞાનો સ્વીકાર કરાવતો એ આગળ ચાલ્યો. કઇક રાજાઓને ઉઠાડી મૂક્યા, કેટલાએકની પાસે ખંડણી મુકરર કરી અને કેટલાએ રાજાઓને તેમના સ્થાન પર સ્થિર કરી તેને પોતાના વિશ્વાસુ મિત્રો બનાવ્યા. આખા અર્ધ ભરતમાં એના નામની હાક વાગી ગઇ અને એ જ્યાં જ્યાં વિજય પ્રયાણ કરે ત્યાં લોકો એને જોવા એકઠા મળી જાય અને એની નાની વય અને વયના પ્રમાણમાં એનું શૌર્ય વિચારતાં વિસ્મય પામી જાય. એણે તો પૃથ્વીને એક ચક્વે કરવા માંડી અને દરેક રાજાને ઠેકાણે લાવી પોતાના હુકમ નીચે લાવવા અનેક ચક્રો ગતિમાન કરી દીધાં. એની વિજય યાત્રામાં એટલી સફળતા હતી કે એ જ્યાં જાય ત્યાં રસ્તો સાફ અને સરળ થઇ જતો, અને એના હુકમમાં એટલી કડકતા હતી કે એનો દૂત રાજા પાસે જઇને ઉભો રહે ત્યાં રાજાના ગાત્રો ગળી જતાં. આવી રીતે ત્રિપૃષ્ઠે દક્ષિણ ભરતના છ ખંડ પૈકી ત્રણ ખંડો પોતાને સ્વાધીન કર્યાં અને સર્વ મુકુટબદ્ધ રાજાઓ અને નાના રાજાઓ પાસે પોતાની આજ્ઞાનો સ્વીકાર કરાવ્યો.

આ સર્વ કાર્યમાં એને ભારે વિજય પ્રાપ્ત થતો ગયો અને જેમ જેમ એ આગળ વધતો ગયો તેમ તેમ એને વધારે વધારે સહાયો મળતી ગઇ. ત્રિપૃષ્ઠમાં એક ભારે ખૂબી હતી કે એ કદી પણ અન્યની સહાયની અપેક્ષા જ રાખતો નહોતો, એની ખાસ સહાયમાં જ્વલનજટીના હાથ નીચેના વિદ્યાધરો (વૈજ્ઞાનિકો) સર્વદા તત્પર રહેતા અને ત્રિપૃષ્ઠને મદદ કરવામાં વિજ્ઞાનના નવા નવા પ્રયોગો કરવામાં અને નવા નવા શસ્ત્રોની શોધખોળ કરવામાં ખૂબ રસ લેતા. લોકો આ પ્રયોગ સિદ્ધજ્ઞાનને 'મંત્ર'નું નામ આપતા. ત્રિપૃષ્ઠ વિજયયાત્રા કરતો જાતે વૈતાઢ્ય પર લશ્કર સાથે ગયો, વિદ્યાધરની શ્રેણીઓ ઉપર સામ્રાજ્ય મેળવ્યું અને ત્યાં પોતાની આણા વર્તાવી. સર્વ વિદ્યાધરના ઉપરી તરીકે પોતાના સાસરા જ્વલનજટીની સ્થાપના કરી. આ રીતે જ્વલન-જટીએ એને વિજ્ઞાનની સેવા આપી હતી, તેનો બદલો ત્રિપૃષ્ઠે તેને આપી દીધો અને સર્વ વિદ્યાધરોની નજરમાં જ્વલનજટીનું અગ્રસ્થાન કરી આપ્યું.

બીજા પહાડી પ્રદેશમાં લશ્કર મોકલી આપ્યું; સેનાપતિએ વાસુદેવ ત્રિપૃષ્ઠની આણા એવા પહાડી પ્રદેશો પર પણ જમાવી અને આ રીતે પ્રયાણો અને પ્રયાસો કરતાં કરતાં જે મગધપતિના વિજય સાથે પ્રયાણ શરૂ કર્યું હતું તે જ મગધ દેશમાં પોતે ફરીવાર આવ્યા. તે યુગમાં મગધ દેશમાં એક મોટી કોટિશિલા હતી. એ અત્યંત ભારે હતી. કોટિ* સંખ્યા વાચક શબ્દ છે. ઘણી મોટી સંખ્યાને

* કોટિ શબ્દનો અર્થ કરોડ થઇ શકે કે કેમ તે વિચારવા જેવું છે. તે સંખ્યાવાચક શબ્દ છે ચોક્કસ સંખ્યા કેટલી તે શોધખોળ માગે છે અને કોડિ (૨૦) સાથે ભેળવાય તે પણ લાગતું નથી તપાસ ચાલુ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોટિ કહેવામાં આવતી એટલે કોટિશિલાનો અર્થ કોટિ માણસો તેને ઉપાડી શકે તેવો થતો હશે એમ લાગે છે. આ કોટિશિલાને પોતાના હાથે ઊંચકી ઉછાળી શકે એ યુગમાં બળની પરાકાષ્ઠા ધરાવનાર છે એમ માનવામાં આવતું. ત્રિપૃષ્ઠ તો પ્રથમથી ખડતલ હતો એના મજબૂત સ્નાયુ, નિરોગી શરીર અને તેવી પીઠને બળે એણે તો લીલા માત્રમાં શિલાને ઉપાડી બાજુએ કરી દીધી, પછી એને માથાથી પણ ઊંચે છત્ર સ્થાને કરી અને છેવટે એને હતી તે અસલ સ્થાને મૂકી દીધી. લોકો એનો આ પ્રયોગ નજરે દેખી એના બળની પ્રશંસા કરવા લાગ્યા અને એણે પણ પોતાની પ્રસરતી કીર્તિનો લાભ લઈ વાસુદેવ તરીકેનું પોતાનું રાજ્ય વધારે મજબૂત કર્યું, એના પાયા વધારે ઊંડા કરતો ગયો, અને રાજ્યની સીમા આવક અને આબરૂમાં વધારો કરતો રહ્યો. અર્ધ ભરતનું રાજ્ય મેળવી અનેક મોટા રાજવીઓ પર પોતાની આણા જમાવી વિદ્યાધરો પર વિજય મેળવી, પૂર્વ પશ્ચિમ બાજુના ડુંગરાળ પ્રદેશમાં સેનાધિપતિઓ દ્વારા વિજય વરમાળ વરી અંતે ત્રિપૃષ્ઠ પોતાના પોતનપુર નગરે આવ્યો. પોતનપુર નાનકડું નગર હતું તે ભરતક્ષેત્રની રાજધાની જેવું મોટું નવું નગર બની ગયું હતું- ભરતાધિપતિ મહારાજા ત્રિપૃષ્ઠની એ રાજધાની થઈ, પ્રથમ વાસુદેવનું એ મુખ્ય નગર બન્યું એટલે પછી એની શોભામાં તો શું બાકી રહે? અને એનો નગર પ્રવેશ અને વાસુદેવપણાનો અભિષેક ઉજવવા અનેક મોટા રાજાઓ પોતાના મોટા પરિવાર સાથે ત્યાં આવી પહોંચ્યા હતા એટલે અત્યારે પોતનપુર મોટી લક્ષ્મીની નગરી બની ગયું હતું, અત્યારે એણે અલકાપુરીનું સ્વરૂપ ધારણ કર્યું હતું અને પ્રત્યેક મંદિર ધ્વજાપતાકા તોરણ અને કમાનોથી વિરાજિત થયેલા હોઈ જાણે પ્રત્યેક મોટા લગ્નમંડપ જ હોય તેવી શોભા ધારણ કરી રહ્યાં હતાં. લોકોના ઉત્સાહમાં નૈસર્ગિકતા હતા. પોતાનો ફટાયોકુમાર તેમની જાણેલી દુનિયાનો અધિપતિ બને, દૂર દૂરના પહાડી રાજાઓ અને વૈતાઢ્યના વિદ્યાધરોને તાબે કરે એટલે એ શહેરના લોકોની છાતી તો ગજ ગજ ફુલતી હતી અને આખી પ્રજા એક અવાજે હૃદયના પ્રેમથી રાજાનો નગર પ્રવેશ ઉજવવા ઉદ્યુક્ત બની ગઈ હતી.

આજે મોટા પાયા ઉપર ત્રિપૃષ્ઠનો નગર પ્રવેશ ઉત્સવ જનતાએ માણ્યો. ઠેર ઠેર મોતીના સાથિયા પૂરવામાં આવ્યા. મોટા ઐરાવત હાથી ઉપર ત્રિપૃષ્ઠ વાસુદેવ બેઠા, બાજુમાં પણ જરા પછવાડે અચળ વડીલ ભાઈ બેઠા અને નગરજનોએ ફૂલથી ત્રિપૃષ્ઠને વધાવ્યા. ખૂબ આનંદથી નગર પ્રવેશ મહોત્સવ ઉજવાયા પછી તુરતમાં જ ત્રિપૃષ્ઠનો વાસુદેવ તરીકે અભિષેક થયો, તેમાં હજારો રાજાઓએ ભાગ લીધો, અસુર જ્વલનજટી તે વખતે ખાસ પોતનપુર આવ્યા, અને રાજા પ્રજાપતિ પણ એ ઉત્સવમાં હોંસથી ભાગ લઈ પોતાના જીવનને ત્રિપૃષ્ઠ જેવા પુત્રથી ધન્ય માનવા લાગ્યા. તેજ ટાંકણે અચળનો બળદેવ તરીકે અભિષેક કરવામાં આવ્યો. આખા ભારતમાં મોટો વિજય મહોત્સવ ગામે ગામે અને ઠામે ઠામ થયો અને ત્રિપૃષ્ઠની આણા ભારતના ત્રણ ખંડોમાં વર્તી રહી. ત્રિપૃષ્ઠ સ્વયંપ્રભા સાથે સાંસારિક સુખ ભોગવવાની લહેરમાં પડી ગયો અને રાજ્ય ચિંતા અચળભાઈ પર મૂકી પોતે તો મનગમતા ભોગ ભોગવવાના વિલાસમાં લીન થઈ ગયો.

આ વિજય યાત્રા અને રાજ્યાભિષેકમાં કેટલીક અસાધારણ વાત બની ગઈ. અચળ મોટો ભાઈ હતો, છતાં એને કોઈપણ વખતે ત્રિપૃષ્ઠ તરફ અભાવ કે અરુચિ થયા નહિ, કોઈ વખત એના તરફ અસૂયા કે અદેખાઈ મનમાં પણ થયા નહિ અને પોતાનો મોટા ભાઈ તરીકે અધિકાર રાજ્ય-પર અગ્રસ્થાને છે એવો સંકલ્પ પણ તેને થયો નહિ. એને ત્રિપૃષ્ઠના ઉત્કર્ષમાં એટલો મોટો આનંદ હતો કે એ પ્રેરણા કરીને કે પ્રસંગ ઉપસ્થિત કરીને પણ ત્રિપૃષ્ઠને આગળ પાડતો હતો અને એનું નામ વધારે કેમ નીકળે અને એનાં વૈભવમાં કીર્તિમાં અને પ્રશંસામાં વધારો કેમ થાય તેની જ એ ચિંતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતો હતો, પોતાની જાતને એ તદ્દન વીસરી ગયો હતો અને પોતાની સગવડ કે પોતાના સુખ માટે કદી ખ્યાલ પણ કરતો નહોતો. ઊલટું એકાદ વખત ત્રિપૃષ્ટે એને વિવેક ખાતર આગળ પડવા કે રાજ્યધૂરા ધારણ કરવા જરા ચણો ચાંપી જોયો ત્યારે એને દુઃખ લાગ્યું અને એવી વાત કદી પણ ન કરવા કે એવો વિચાર કદી પણ ન બતાવવા અચળે આગ્રહ કર્યો. અગાઉ જણાવ્યું તેમ અચળનો ત્રિપૃષ્ટ પરનો પ્રેમ સગા ભાઈ જેવો જ હતો. અને સાથે સાથે અચળનો સ્વયંત્યાગ આદર્શ હતો. એના મનમાં ત્રિપૃષ્ટ પ્રત્યે નાનપણમાં વાત્સલ્ય હતું તે અશ્વગ્રીવ સાથેના મોટા વિગ્રહ પછી ભક્તિના સ્વરૂપમાં ફેરવાઇ ગયું.

અને રાજા પ્રજાપતિ પણ પુત્રના ઉત્કર્ષમાં રસ લેવાની સાથે રાજકાજમાંથી નિવૃત્ત થઈ ગયા. એને પોતાની ઉત્તર વયમાં કરેલ આક્રમણનો અને ભાંગેલ નિયમનો પશ્ચાત્તાપ કરવાનો પૂરતો સમય મળ્યો અને ત્રિપૃષ્ટ વિજય યાત્રાએ ગયો ત્યારથી એ પોતનપુરમાં વાનપ્રસ્થ સ્થિતિમાં રહી પશ્ચાતાપ અને ચિંતવનમાં બાકીનું આયુષ્ય ગાળવામાં તલ્લીન થઈ ગયા. એની વિષય બુદ્ધિ કાંઇક વયને કારણે અને કાંઇક પશ્ચાત્તાપને કારણે ઓછી થઇ, પણ હજુ એનામાં વૈરાગ્ય આવ્યો નહિ, સંસાર ત્યાગની રુચિ થઇ નહિ અને વૃદ્ધાવસ્થામાં પણ ખાવાપીવાના પ્રેમમાં એ પડી ગયો, શરીરથી વિષય સેવન ન બન્યું તે એણે બોલીમાં ચલાવ્યે રાખ્યું અને અંતે કાળ આવ્યો ત્યારે એ ચાલ્યો ગયો. એણે પોતાના જીવન દરમ્યાન પુત્ર ત્રિપૃષ્ટ વિરુદ્ધ કોઈ જાતની હીલચાલ ન કરી પણ એને કાંઇ અચળ જેટલો પોતાના ત્રિપૃષ્ઠના ઉત્કર્ષમાં સીધો રસ નહોતો. અચળના વાસુદેવ પદના અભિષેક પછી એ થોડા વર્ષમાં કાળ કરી ગયા અને એના જવા સાથે એના નામને લોકો તુરત ભૂલી ગયા. બાકી અચળનો ત્રિપૃષ્ઠ પરનો પ્રેમ આખા જીવનભર ચાલુ રહ્યો અને અંતરનો ત્યાગી બળદેવ ભાઇની ખાતર સંસારમાં અલિપ્તપણે રહ્યો અને ભાઇના ઉત્કર્ષમાં ખૂબ આનંદ અને રસ લેતો રહ્યો. એણે કદી પોતાની નામનાનો કે કીર્તિનો ખ્યાલ પણ કર્યો નહિ, એણે ત્રિપૃષ્ઠના વ્યક્તિત્વમાં પોતાનું વ્યક્તિત્વ સમાવી દીધું અને સૂતાં બેસતાં, ખાતાં પીતાં ત્રિપૃષ્ઠની જ સેવા કરતો રહ્યો અને એને સ્વપ્નાં પણ ભાઇના ઉત્કર્ષના જ આવતાં હતાં. વાસુદેવ ત્રિપૃષ્ઠ અને બળદેવ અચળની જોડી આ રીતે અજોડ બની અને ભાઈ ભાઈમાં હેત કેવું હોવું જોઇએ તેનો દુનિયાને દાખલારૂપ તેઓનો સંબંધ બન્યો રહ્યો અને તે વાતની જાહેરમાં ખૂબ પ્રશંસા પણ થતી રહી. અચળમાં વિવેક હતો, અંતરનો ત્યાગ હતો, પોતાની જાતને ભૂલવાની શક્તિ હતી અને અતિ ભારે સ્વયંઅંકુશ હતો. એક રીતે જોઇએ તો ત્રિપૃષ્ઠની ખાતર એ પોતાના અંતરનો ત્યાગ વિકસાવી શકતો નહોતો, કારણ કે નાનાભાઇ પરનો રાગ એને અનેક સાંસારિક પ્રસંગોમાં ખેંચી રહ્યો હતો. બાકી એની અલિપ્તતા અને અસંગભાવ અનુકરણીય હતા. એના જીવનમાં એણે ભાગ્યે જ કોઈ વખતે પોતા માટે વિચાર કર્યો હશે. એને ખાવાપીવામાં કે ભોગ ભોગવવામાં રસ નહોતો, એનો રસ માત્ર ભાઇનો મહિમા કેમ વધે, ભાઇની નામના કેમ વધારે થાય અને ભાઇની સત્તા કેમ વધારે જામે તેમાં જ હતો.

## ભગવાન શ્રેયાંસનાથનો પરિચય :

ત્રિપૃષ્ઠ અને અચળની ધર્મશ્રદ્ધા અને ભાવના કેવી હતી તે સંબંધમાં કેટલીક હકીકત જણાવવી પ્રાસંગીક થઈ પડશે. સિંહપુરનગરમાં વિષ્ણુરાજ નામના રાજા રાજ્ય કરતા હતા, તેમના પત્ની વિષ્ણુ નામના હતા. આ સિંહપુર તે આપણે તુંગગિરી પર્વતની નજીક સિંહપુર ઉપર જાણ્યું હતું તે જ નગર છે કે કોઇ અન્ય છે તેનો નિર્ણય કરવાનું સાધન પ્રાપ્ત થયું નથી. ત્યાં નલિનીગુલ્મ રાજાનો જીવ પુત્રપણે અવતર્યો. તેનું શ્રેયાંસકુમાર નામ રાખવામાં આવ્યું. તે અનુક્રમે યોગ્ય વયે પરણ્યા. પિતાના આગ્રહથી એણે રાજ્ય પણ લીધું. દરમ્યાન એની વૃત્તિ સંસાર ત્યાગની હોઇ, એની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ્ય સત્તાની અંદર પણ નરમાશ અને કુણાશ રહ્યા. અંતે એણે દીક્ષા લઇ કૈવલ્ય પ્રાપ્ત કરી દુનિયાને ઉપદેશ આપવા માંડ્યો. એનો સમય અને અશ્વગ્રીવ પ્રતિવાસુદેવનો સમય એક જ છે, પણ પ્રતિવાસુદેવને એનો લાભ મળી શક્યો નહિ. પણ અશ્વગ્રીવના મરણ પછી ત્રિપૃષ્ઠ વાસુદેવના રાજ્ય અમલ દરમ્યાન એમને પોતનપુર આવવાનું થયું એમણે સુંદર ઉપદેશ આપ્યો તે સાંભળવાનો લાભ ત્રિપૃષ્ઠ અને અચળને નડ્યો. એ વખતે એમણે પોતાના ઉપદેશમાં આ સંસારનું સ્વરૂપ ખૂબ વિસ્તારથી સમજાવ્યું અને નાના મોટા બંને ભાઇઓએ—ત્રિપૃષ્ઠે અને અચલે એને સાંભળ્યું.

પોતનપુરના ઉપદેશમાં ભગવંત શ્રેયાંસનાથે તપના સ્વરૂપ ઉપર ખાસ ભાર મૂક્યો; બાહ્ય તપ અને અભ્યંતર તપનો મહિમા વર્ણવ્યો અને અને જીવન વિકાસમાં તપ કેટલું મહત્ત્વનું સ્થાન ભોગવે છે તેની આખી યોજના બતાવી દીધી. એમણે પ્રથમ બાહ્ય તપનું વર્ણન કરતાં એમાં નાના મોટા ત્યાગ કેવી રીતે થાય છે તે બતાવ્યું. થોડું ભુખ્યા રહેવાની વાતથી શરૂ કરી દીર્ઘ કાળનાં ઉપવાસો કેમ થાય, રસત્યાગ વસ્તુત્યાગ અને ખાવાના પદાર્થો પર સંયમ રાખવાથી આત્મશક્તિ કેવી વિકાસ પામે છે અને કાયાથી ધર્મ કાર્ય અને ત્યાગ કેટલા અને શા માટે કર્તવ્ય છે તે વિગતો બતાવી. અને ત્યાર પછી અભ્યંતર ત્યાગ—અંદરના ત્યાગ પર ઉપદેશનો ઝોક એવો સરસ ઉતારી દીધો કે ઉપદેશ સાંભળનારાઓ તો આશ્ચર્યમાં પડી ગયા. એમાં પણ જ્યારે એમણે આખો ધ્યાન યોગ સમજાવ્યો, એના ધર્મધ્યાન અને શુક્લ ધ્યાનના પાયાઓ પર વિવેચન કર્યું અને ધ્યાનને આત્મ-પ્રગતિ સાથે કેવો અંતરંગનો ગાઢ સંબંધ છે એ પર વિવેચન કર્યું ત્યારે આખી સભા છક્ક થઇ ગઇ અને બાહ્ય અને અભ્યંતર ત્યાગની રુચિ જાગ્રત થઈ. છેવટે ભગવંતે જણાવ્યું કે આખા જૈન તત્ત્વજ્ઞાનનો એના નૈતિક વિભાગમાં ત્રણ શબ્દમાં સમાવેશ થાય છે અને તેમાં પણ તપને સુંદર સ્થાન છે. તે વખતે એ ત્રણ શબ્દો કયા? એવો પ્રશ્ન થતાં તેના ઉત્તરમાં ભગવંતે જણાવ્યું કે એ ત્રણ શબ્દો "અહિંસા, સંયમ અને તપ" છે ત્યારે આખી સભાને ખૂબ આનંદ થયો અને એ આનંદમાં ત્રિપૃષ્ઠ અને અચળે ભાગ લીધો.

સંસારના સ્વરૂપ પર અચળને ઘણા વિચારો તે જ વખતે આવ્યા, એને અત્યારે ચાલી રહેલી ધમાધમ પાછળ સ્થૂળ વૃત્તિઓ સમજાણી, એને સ્વભાવ અને પરભાવનું સ્વરૂપ કાંઇક સમજાયું, પણ એના મનમાં વપૃષ્ઠના રાગે ઘર ઘાલ્યું અને એનામાં કુણાશ આવી તો ખરી પણ ત્રિપૃષ્ઠ તરફના આકર્ષણે એ તપ અને ત્યાગનો માર્ગ સ્વીકારી શક્યો નહિ, છતાં એને પરભાવ તરફ [illegible] અરુચિ થઇ ગઇ અને બની શકે ત્યારે આ સંસારના ઊકળાટથી ચાલી નીકળવાની એના મનમાં ધારણા થઇ ગઇ. શ્રેયાંસનાથ ભગવાને એને કષાય પરિણતિ ઓછી કરવા, પરનિંદા ન કરવા અને મન પર સંયમ રાખવા ઉપદેશ આપ્યો તેનો બની શકતો ભાગ એણે જીવનમાં ઉતારવા નિર્ણય કરી દીધો અને બનતા સુધી દાનાદિક વિશુદ્ધ ધર્મનો અમલ કરવા એણે ધારણા ધારણ કરી દીધી.

ત્રિપૃષ્ઠ એકંદરે લહેરી હતો, એને હજુ રાજ્ય કરવાનું, હુકમો કરવાનું અને સંસારના ભોગો ભોગવવાનું મન હતું, એને સાંભળેલી વાતે અને ભગવંતે કહેલે ઉપદેશે થોડી અસર તો કરી અને એણે જૈન ધર્મનો સ્વીકાર કર્યો, જૈન તત્ત્વજ્ઞાન તરફ સુરુચિ દાખવી અને એણે ભવિષ્યમાં જૈન વધારે સુરુચિવંત તરીકે આગળ ધપવા [illegible] દર્શાવી પણ એને ત્યાગ ભાવ તરફ તો [illegible] ઇચ્છા ન થઈ અંને ભાઇઓએ શુદ્ધ દેવ, શુ[illegible] અને શુદ્ધ ધર્મને ઓળખ્યા અને જૈન પરિ[illegible] ફરીએ તો બંનેને 'સમ્યક્ત્વ' થયું. [illegible] સમ્યક્ત્વનો વેગ બહુ આગળ પડતો હતો, જ્યારે ત્રિપૃષ્ઠના સમ્યક્ત્વનો સ્વીકાર [illegible] હતો. ભગવંત તો થોડા દિવસ રહી ત્યાં[illegible] કરી ગયા પણ તેમણે નીપજાવેલી અસ[illegible] સુધી અચળના મન પર રહી. ત્રિપૃષ્ઠ રાજકાર્યની ધમાલમાં પડી ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભરેલો ઘડો છલકાતો નથી

લેખક : બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

ઘડામાં જ્યારે પાણી પુરેપુરૂં ભરેલું હોય છે ત્યારે તે ઘડો છલકાતો નથી; તેમ અવાજ પણ કરતો નથી. પણ એ જ ઘડો અડધો ભરેલો હોય છે ત્યારે તે છલકાય છે અને આવાજ પણ કરે છે એ દૃષ્ટાંતનો હેતુ એ છે કે કોઈ કુલવાન અને પૂર્ણ જ્ઞાની હોય છે તે ગંભીર અને શાંત હોય છે. યોગ્ય પ્રસંગ આવ્યા વગર એ વગર, ફોગટનો બકબક કરતો નથી. પણ કોઇ જ્ઞાનનો જરા જેવો અંશ મેળવી પંડિત તરીકે ઓળખાવનારો માણસ વારે ઘડી પ્રસંગને નહીં ઓળખતા જ્યાં ત્યાં વાચાળતા કરતો ફરે છે અને હું કોઇ મહાન પંડિત છું એવો દેખાવ કરતો ફરે છે. અને એ ઉપરથી એની કુલહીનતા જોવામાં આવે છે. સાચા પંડિતો એને સારી પેઠે ઓળખી જાય છે. અમો પ્રસંગોપાત કોઇ પર્વને દિવસે પાંચ છ ભાઇઓ એક ગામમાં ભેગા થયા, સાંજ પડી, અમને બધાઓને પ્રતિક્રમણ કરવાનું હતું. પણ અમારામાંના કોઇને પણ પૂર્ણ વિધિ આવડતો હતો નહીં. અમો મુંઝવણમાં પડ્યા, હવે શું કરાય એમ વિચાર કરતા હતા. એવામાં ત્યાં એક પંદર સોળ વર્ષનો છોકરો અમારી મુંઝવણ જોઈ રહ્યો હતો, એને પ્રતિક્રમણ ભણાવતા આવડતું હશે એવો જરાપણ ખ્યાલ અમને ન હતો. એ ધીમેથી અમને પૂછવા માંડ્યો: સાહેબ, આપની ઇચ્છા હોયતો હું પ્રતિક્રમણ આપની સાથે કરૂં. હું વિધિ જાણું છું, અમને એ સાંભળી ઘણો આનંદ થયો. એ છોકરાની નમ્રતા, સરળ બુદ્ધિ, વિનય અને ગંભીરતા જોઇ અમોને ઘણું આશ્ચર્ય થયું. અમોએ એનો ઉપકાર માન્યો, એનું અભિનંદન કર્યું અને પુછ્યું: ભાઈ, અમો ક્યારના મુંઝવણમાં પડ્યા હતા ત્યારે તેં પહેલા જ અમને કેમ ન કહ્યું ? એ ભાઇએ નમ્રભાવે જણાવ્યું તમે બધા વડેરાઓ અને હું આપની સામે એક બાળક, એમ જાણી આપની સામે એકદમ ઉદ્ધતાઈ કરી બોલવાની મારી હીંમત ન ચાલી. બોલ્યા. વગર હવે ચાલે જ નહીં એમ મને લાગ્યું ત્યારે જ મેં બોલવાની હીંમત કરી. આપ મોટા અનુભવી છો, મને પ્રતિક્રમણનો વિધિ આવડી ગયો તેથી કાંઈ આપના કરતા હું વધુ જ્ઞાની છું એવું થોડું જ છે ! અમે એની નમ્રતા જોઈ ઘણા સંતુષ્ટ થયા.

આપણને જે જ્ઞાન, શક્તિ, અધિકાર કે સંપદા મળેલી હોય તે જીરવવી એ પણ એક અત્યંત જરૂરી ગુણ છે. આપણે જરા જરા વાતમાં આપણી આવડત કે શક્તિનું પ્રદર્શન કરવા બેસીએ ત્યારે તદ્દન અજ્ઞાન માણસ પણ આપણી અક્કલની કિંમત ઓળખી શકે છે. વિદ્યા વિનયેન શોભતે। વિદ્યા વિનય હોય તો જ શોભા પામે છે. વિદ્યાનો ગર્વ એ અજ્ઞાનપણાની નિશાની છે. તેમજ ધનમદ એ પણ એક મહાન દુર્ગુણ હોય છે. ધનવાન ગરીબોને તુચ્છ ગણે, તેમનું ઘડી ઘડી અપમાન કરે અને હું કોઇ અસાધારણ મહામાનવ છું એમ ગણી વારંવાર લોકો સાથે અવિવેકી વર્તન કરે તો એક દિવસ એવો પણ ઉગે છે કે તેની સામે સામુદાયિક વિરોધનો વંટોળ જાગે છે. એને નત મસ્તક થઈ પોતાનો અપરાધ કબુલ કરવો પડે છે.

એક મોટા શહેરમાં શામળદાસ નામના મોટા ધનવાન શેઠ રહેતા હતાં. તેમને બધાઓ ઘણુ માનતા. અને દરેક સાર્વજનિક કામ તેમને પૂછીને જ કરાતું. નાતમાં કોઇને ત્યાં મૃત્યુ થતુ ત્યારે શામળદાસ શેઠ ઘોડા ઉપર બેસી આવે. અને અમુક કરો અને ફલાણું લાવો, એવા હુકમો છોડતા. શેઠની આ ઉદ્ધતાઇ લોકોના ધ્યાનમાં આવી ગઈ. લોકો એમની સામે કચવાટ અનુભવતા. પણ શેઠની સામે બોલે કોણ ? પ્રસંગોપાત શેઠની માતા મરણ શરણ થયા. એ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંઈ મોટા શોકનો વિષય ને પ્રસંગ ન હતો. લોકો લાગ જોઈ ભેગા થઇ ગયા. અને હીંમતથી શેઠની સાન ઠેકાણે લાવવા તેમણે નિશ્ચય કર્યો. દરેક એકેક ઘોડો ભાડે લાવ્યો. અને ઘોડેસવારોની એક મોટી પલટન શેઠની હવેલી સામે ઉભી થઈ ગઇ. શેઠે આ પ્રકાર જોયો. અને એમને પોતાની ઉદ્ધતાઇનો પશ્ચાતાપ થયો. શેઠ તો તરત જ સામા આવી લોકોની આગળ સાષ્ટાંગ પ્રણિપાત કર્યો અને ગળગળા થઈ બોલી ગયા : ભાઈઓ ! મારી મોટી ભૂલ થઇ છે. તમે મને સાચો માર્ગ બતાવ્યો છે. મારા કૃત્યનો મને પસ્તાવો થાય છે નાતના સમુદાય આગળ હું સેવક છું મને માફ કરજો ફરી આવી ભૂલ હું નહીં કરૂં. લોકો તો ટપોટપ ઘોડેથી ઉતરી પડ્યા અને પોતાના ઉચિત કાર્યોમાં લાગી ગયાં.

આ દૃષ્ટાંત આપણને ઘણો બોધ આપી જાય છે. ગર્વ અને ઉદ્ધતાઇ એ પોતાના સાચા ગુણોને પણ હણી નાખનારી વસ્તુ છે. તેથીજ કહેવાય છે કે, કાલો ઘડો હોય અને તેમાં થોડું પાણી ભરાઇ જતા તે છલકાય છે. અને વાગે પણ છે. એનું મુખ્ય કારણ એ છે કે, એ થોડા પણ લાભથી ખૂબ ફૂલાય છે. એટલા માટેજ એક સુભાષિતકારે કહ્યું છે કે,

अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यते विशेषज्ञः ।
ज्ञानलवदुर्विदग्धस्य ब्रह्मापि नरं न रञ्जयति ॥

એટલે કોઇ અજ્ઞાની સામાન્ય માણસને સમજાવવું હોય, તેની ભૂલ બતાવવી હોય અને તેને માર્ગદર્શન કરવું હોય તો તે સ્હેજે બની શકે છે. તે સમજી જાય છે. ત્યારે કોઈ સુજ્ઞ અને વિશેષ જાણકાર માણસ ભૂલ કરે ત્યારે તેને સમજાવવું સહેલુ હોય છે. એક ઇસારામાં એ પોતાની ભૂલ સમજી જાય છે. ભૂલ બતાવનારનો ઉપકાર માને છે. તેની સાથે વાદવિવાદ કરવાની જરૂર પડતી નથી. પણ થોડું ભણી પોતાને મહાપંડિત સમજતો હોય એવા માણસને સમજાવવું એ ઘણું કઠણ કામ છે. કવિ તો એટલે સુધી કહે છે કે, સાક્ષાત્ બ્રહ્મા ઉતરી આવી એને સમજાવવા પ્રયત્ન કરે તો પણ એ સમજેજ નહીં. કારણકે એને જ્ઞાન જીરવવાની શક્તિ હોતી નથી. એને અલ્પ જ્ઞાનનું પણ અજીર્ણ થએલ હોય છે. તેથીજ એ પોતાની અસંગત વાચાળતા ચાલુ રાખી રહે છે. આપણે જો સાચા જ્ઞાની થવું હોવ તો જ્ઞાનનો દુશ્મન જે અવિનય અને ગર્વ છે તેનો ત્યાગજ કરવો પડે. ઉદ્ધતાઇ અને અહંકાર એ જ્ઞાનને રોધનારા આવરણો છે. જ્ઞાનાવરણિય કર્મનું નામ એનેજ આપી શકાય. માટેજ આપણે અજ્ઞાન અને બાલક પાસેથી પણ કાંઇક ભણવાની વૃત્તિ ધારણ કરવી જોઇએ. આપણે હજુ અપૂર્ણ છીએ. જ્ઞાનનો તો સમુદ્ર ભરેલો છે, આપણામાં હજુ ઘણી ખામી છે એ જાણી જ્ઞાન ક્ષણશઃ અને કણશઃ મેળવવાની આકાંક્ષા જાગૃત રાખવી જોઇએ.

જગતમાં એવા પણ લોકો જોવામાં આવે છે કે, જે દરેક વિષયમાં પોતાનું સર્વસ્વપણું બતાવતા હોય છે. રાજકારણમાં તેઓ દરેક અધિકારીઓનો દોષજ જુએ છે. તેઓ પંડિત નહેરૂથી ગામડાના પટેલ સુધી બધાઓ જાણે કોઈ અણસમજુ નાદાન માણસો છે એવું એ માને છે. અર્થશાસ્ત્રમાં તો એમના કરતાં વધુ સમજનારો કોઇ છે જ નહીં એવું એઓ છડેચોક બોલવામાં લાજતા નથી. સમાજશાસ્ત્ર તો એમના વગર બીજા કોઇ સમજીજ શક્યા ન હોય એવો બકવાદ કરવામાં એમને સંકોચ લાગતો નથી. ધર્મશાસ્ત્ર તો તેઓ ખુદ મહાવીર ભગવંત પાસેથીજ જાણી આવેલા હોય એવું બોલે છે. જગતમાં બધુ જ્ઞાન, બધુ જાણપણું એમના હિસ્સેજ આવેલું છે એવું એઓ બોલે જાય છે. સાયન્સ કે વિજ્ઞાન જે નિત્ય નવું આવિષ્કૃત થાય છે તે તો તેઓ પહેલાથી જાણતા હતા એવું પુરવાર કરવા પ્રયત્ન કરે છે. દરેક રાજકિય અગર વૈજ્ઞાનિક પગલુ ભરનારના અંતરંગના અને હેતુના તેઓ સાચા પારખુ છે; એમના મનના બધાજ શબ્દો અને ભાવો એમનેજ જાણવામાં આવ્યા છે. અને જે લોકો જગતમાં જ્ઞાની અગર દીર્ઘદર્શી તરીકે ઓળખાય છે તેઓ બધાજ મહામૂર્ખાઓ છે એવી એમની ખાત્રી તેઓ બોલી બતાવે છે. મતલબ કે, તીર્થંકર ભગવંતોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જિન ચતુસ્ત્રિંશદતિશયસ્તવ (સાનુવાદ)

અનુવાદક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

તીર્થંકરના ચોત્રીસ અતિશયોને અંગે જે કેટલીક સ્વતંત્ર કૃતિઓ મળે છે તેમાંની એક તે જિન ચતુસ્ત્રિંશદતિશયસ્તવ છે. એ પાંચ પદ્યની અજ્ઞાતકર્તૃક કૃતિ છે. એની એક હાથપોથી "ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મન્દિર"માં છે. એનો પરિચય તેમજ આ સ્તવનાં પાંચે પદ્યો DCGCM (Vol. XIX, pt. I, pp 211–212) માં મેં આપ્યા છે. આ સ્તવની બીજી કોઈ હાથપોથી મારા જોવા જાણવામાં નથી એટલે આ સ્તવને સંપૂર્ણપણે શુદ્ધ કરીને હું રજૂ કરી શકું તેમ નથી. તેમ છતાં પહેલાં ચાર પદ્યો યથામતિ સુધારીને અને પાંચમું પદ્ય હાલ તુરત તો જે સ્વરૂપમાં એ મળે છે તે જ રૂપે રાખીને હું આ સ્તવ મારા ગુજરાતી અનુવાદપૂર્વક આ લેખ દ્વારા ઉપસ્થિત કરું છું :—

## જિન ચતુસ્ત્રિંશદતિશયસ્તવ

"निरामयं निर्मलरूपमङ्गं क्षीरोज्ज्वले
ते रुधिरामिषे च ।
आहारनिहारविधिर्जिनानामदृश्य
एव श्वसितं सुगन्धम् ॥ १ ॥

गव्यूतयुग्मे नरदेवकोटीकोटी
स्थितिर्योजनगा च वाणी ।
दुर्भिक्षमारीति भयामया नाति वृष्टियवृष्टी
न च विग्रहोऽपि ॥ २ ॥

भामण्डलं चामरधर्मचक्रातपत्रवप्रत्रयचैत्यवृक्षाः ।
चत्वारि रूपाणि नवाम्बुजानि ध्वजोऽन्तरिक्षे
मणिसिंहपीठम् ॥ ३ ॥

---

સર્વજ્ઞ ગણવાને બદલે એવા સ્વયંસિદ્ધ પંડિત પુરુષનેજ સર્વજ્ઞ તરીકે હજુ લોકો કેમ ઓળખતા નહીં હોય એનું એમને આશ્ચર્ય લાગે છે. પોતે જ્યાં રહેતા હશે તે શેરીના પણ માણસો તેમનું અદ્ભુત જ્ઞાન હજુ કેમ પારખી શક્યા નથી એ જાણી તેઓ લોકો માટે કરુણાભાવ બતાવે છે! અને પોતા વગર આખું જગત કેવું હજુ મૂર્ખ રહ્યું એનું એવા મહાપંડિતોને આશ્ચર્ય લાગે છે. બધું જગત પંચમકાળના મોહમાં ફસાએલું છે. અને પોતે એકલા ચોથા આરાના સજ્જન અને જ્ઞાની માણસ છે એમ એઓ માનતા જણાય છે. પણ આ છઠ્ઠ આરાના કીનારા ઉપર આવી ઉભા રહેલા પંચમ આરાના પ્રાણીઓમાં આ ચોથા આરાના મહામાનવ કયા પાપના ઉદયથી આવી પડયા છે એ અણઉકેલાએલો કોયડો છે.

આવી જાતની વિચારપ્રણાલિના ડાહ્યાડમરા માનવો માટે શું કહેવાય! આખું જગત જ મૂર્ખ હોય ત્યાં આ એકલો ડાહ્યો માણસ ન શોભે! એવા લોકોએ તો આ કાળમાં મૌન રહેવું તે જ એમના માટે ભૂષણ ગણાય! આવા વિષમ કાળમાં એઓ પોતે જ મહામૂર્ખ ઠરવાનો સંભવ છે. તેથી તેમને જો સાચું સમાધાન મેળવવું હોય તો विभूषणं मौनम् એ જ યોગ્ય જણાય છે. એટલે એમના જ્ઞાન અને સમાધાનમાં ભાગ પડાવા કોઈ આવવાનું નથી.

ઉપરના વિવેચન ઉપરથી સ્પષ્ટ જોવામાં આવે છે કે, જે સાચા જ્ઞાની અને જાણકાર હોય છે તેઓ ભરેલા ઘડાની પેઠે છલકાતાં નથી. બધાઓના દોષોજ તેઓ જોતા નથી. તેઓ ગંભીર અને ગુણ-ગ્રાહક હોય છે. આપણે આપણી અપૂર્ણતા ઓળખી પોતાની મર્યાદામાં રહી બોલવું કે લખવું ઉચિત છે. યદ્વાતદ્વા બોલવામાં લોકો એની કીંમત જાણી જાય છે. બોલનાર કે લખનાર પંડિત નહીં પણ અપંડિત છે એ ઓળખી લ્યે છે. દરેક માણસે એનો સરળ અર્થ તારવવો એવી સદિચ્છાથી વિરમીએ છીએ.



For Private And Personal Use Only

द्रुमप्रणामः पथि
कण्टकानामधोमुखत्वं पवनोऽनुकूलः ।
गन्धाम्बुसेकः सुरकोटिसेवा पुष्पोत्करो
दुन्दुभिनाद उच्चैः ॥ ४ ॥

प्रदक्षिणा पक्षिगणा
नखादेरवृद्धिरक्षैस्त्वनुकूलता च ।
सिधाम्बुधि स्थात्मतचेन्द्रसङ्ख्या
जयन्ति विश्वेऽतिशया जिनेन्दोः ॥ ५ ॥

**અનુવાદ**—(૧) (તીર્થંકરનો) દેહ રોગથી રહિત, નિર્મળ અને રૂપથી યુક્ત હોય છે. (૨) લોહી અને માંસ દૂધ જેવા ઉજ્જવળ (શ્વેત) હોય છે. (૩) આહાર અને નીહારની વિધિ મનુષ્યોને અદૃશ્ય જ હોય છે. (૪) શ્વાસ સુગંધી હોય છે.

(૫) બે ગાઉમાં કરોડો મનુષ્યો અને દેવો (માય) છે. (૬) વાણી એક યોજન જેટલી વ્યાપક હોય છે. (૭–૧૪) દુષ્કાળ, મારિ, ઇતિ, ભય, રોગ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને વિગ્રહ હોતાં નથી. (૧૫) ભામંડળ (૧૬) ચામર (૧૭) ધર્મચક્ર (૧૮) છત્ર (૧૯) ત્રણ ગઢ (૨૦) ચૈત્ય વૃક્ષ (૨૧) ચાર રૂપો (૨૨) નવ કમળ (૨૩) ગગનમાં ધ્વજ અને (૨૪) મણિમય અને પાદપીઠ સહિત સિંહાસન હોય છે.

(૨૫) વૃક્ષોનું વંદન (૨૬) કંટકોની અધોમુખતા (૨૭) અનુકૂળ પવન (૨૮) ગન્ધોદકની વૃષ્ટિ (૨૯) કરોડ દેવની સેવા (૩૦) પુષ્પની રાશિ (વૃષ્ટિ) (૩૧) દુન્દુભિનો ઊંચો નાદ હોય છે.

(૩૨) પક્ષીઓના સમૂહની પ્રદક્ષિણા (૩૩) નખ વગેરેની અવસ્થિતતા તેમજ (૩૪) ઇન્દ્રિયો અને ઋતુઓની અનુકૂળતા એમ જિનરૂપ ચન્દ્રના ચોત્રીસની સંખ્યાવાળા અતિશયો વિજયવંતા વર્તે છે.

## ચઉતીસ જિણાઇસયથવણ

**સમવાય** વગેરે શ્વેતાંબરીય ગ્રન્થોમાં–આગમાદિકમાં તેમજ **નિયમસાર** વગેરે દિગંબરીય ગ્રન્થોમાં પણ તીર્થંકરના ચોત્રીસ અતિશયોનો ઉલ્લેખ જોવાય છે. એ અતિશયોને અંગે કેટલીક સ્વતંત્ર કૃતિઓ પણ રચાયેલી જોવાય છે. પ્રસ્તુતમાં હું એક અજ્ઞાતકર્તૃક અને જઇણ મરહટ્ઠી(જૈન મહારાષ્ટ્રી)માં રચાયેલી શ્વેતાંબરીય કૃતિ નામે ચઉતીસ જિણાઇસયથવણ અહીં મારા ગુજરાતી અનુવાદપૂર્વક રજૂ કરું છું. એમ કરવા પૂર્વે એ સૂચવું છું કે આ પાઇય સ્તવનની એક હાથપોથી "ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિર"માં છે. એનો સંક્ષિપ્ત પરિચય તેમજ આ સ્તવનનાં આદ્ય બે પદ્યો તેમજ અંતનાંનું તેરમું પદ્ય અને ચૌદમાનો પ્રારંભિક અંશ મેં D C G C M (Vol. XIX, pt I. P. 188) માં આપ્યાં છે. તેર પદ્ય પૂરતું આ સ્તવન કંઇક પાઠભેદપૂર્વક **જૈન સ્તોત્ર સન્દોહ** (ભા. ૧, પૃ. ૮૧–૮૨)માં જોવાય છે. વિશેષમાં આ જ સ્તવનનાં પદ્યો ૨–૩ અને પદ્યો ૪–૧૦ તેમ જ ૧૨મું પદ્ય પ્રદ્યુમ્નસૂરિકૃત **વિચારસારપયરણમાં** અનુક્રમે ગા. ૧૧૨–૧૧૩, ગા. ૧૫૧–૧૫૭ અને ૧૫૮ તરીકે નજરે પડે છે. આ ઉપરથી એમ અનુમનાય કે પ્રસ્તુત સ્તવન પ્રદ્યુમ્નસૂરિના સમય જેટલું એટલે કે વિક્રમની ચૌદમી સદી જેટલું તો પ્રાચીન છે જ. આ સ્તવન હું સંસ્કૃત છાયા અને યથાશક્ય પાઠાંતરપૂર્વક નીચે મુજબ અહીં આપું છું :—

थोसामि जिण वरिन्दे अब्भुअभूएहिं[1]
अइसयगुणेहिं ।
ते तिविहा साहाविय कम्मक्खइया
सुरकया य ॥ १ ॥

[स्तोष्यामि जिन वरेन्द्रान् अद्भुतभूतैः
अतिशयगुणैः ।
ते त्रिविधा स्वाभाविकाः कर्मक्षायिकाः
सुरकृताः च ॥]

देहं विमलसुगन्धं आमयपस्सेय[2]वज्जियं अरयं[3]
रुहिरं गोक्खीराभं[4] निव्विस्सं पण्डुरं मंसं ॥ २ ॥

१ अब्भुयत्थएहिं । २ पासेहिं वज्जियं । ३ अरयं ।
४ गोखीराभं ।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[देहः विमलसुगन्धं आमयप्रस्वेदवर्जितं अरजः ।
रुधिरं गोक्षीराभं निर्विस्रं पाण्डुरं मांसम् ॥]
आहारा नीहारा अदिस्सा मंसचक्खुणो सययं ।
नीसासो अ सुगन्धो जम्मप्पभिई गुणा एए ॥३॥
[आहार नीहारा अदृश्या मांसचक्षुषः सततम् ।
निःश्वासः च सुगन्धो जन्मप्रभृति गुणा एते ॥]
खित्ते जोयणमित्ते जं जिअकोडीसहस्सओ माणं ।
सव्वमभासाणुगयं वयणं धम्मावबोहकरं[1] ॥४॥
[क्षेत्रे योजनमात्रे यद् जीवकोटिसहस्रतः मानम् ।
सर्वस्वभाषानुगतं वचनं धर्मावबोधकरम् ॥]
पुव्वुप्पन्ना रोगा पसमन्ती ईइ–वयर–मारीओ ।
अइवुट्ठी[2] अणावुट्ठी न होइ दुब्भिक्ख डमरं वा ॥५॥
[पूर्वोत्पन्नाः रोगाः प्रशाम्यन्ति ईति–वैर–मार्यः ।
अतिवृष्टिः अनावृष्टिः न भवति दुर्भिक्षं डमरो वा ॥]
देहाणुमग्गलग्गं[3] दीसइ भामण्डलं दिणयराभं ।
एए कम्मक्खइया सुरभत्तिकया इमे अन्ने[4] ॥६॥
[देहानुमार्गलग्नं दृश्यते भामण्डलं दिनकराभम् ।
एते कर्मक्षायिकाः सुरभक्तिकृताः इमे अन्ये ॥]
चक्कं छत्तं रयणज्झओ य सेयवरचामरा पउमा ।
चउमुह पायारतिगं सीहासण दुन्दुहि असोगे ॥७॥
[चक्रं छत्रं रत्नध्वजः च श्वेतवरचामरौ पद्मानि ।
चतुर्मुखं प्राकारत्रिकं सिंहासनं दुन्दुभिः अशोकः ॥]
कण्टय हिट्ठा हुत्ता ठावन्ति अवट्ठियं च नहरोमं ।
पञ्चेव इन्दियत्था मणोरमा हुन्ति छप्पि रिऊ ॥८॥
[कण्टका अधोमुखाः तिष्ठन्ति अवस्थितं च नखरोम ।
पञ्च एव इन्द्रियार्थाः मनोरमाः भवन्ति षड् अपि ऋतवः ॥]
गन्धोदयं च वासं वासं कुसुमाण पञ्चवण्णाणं ।
सउणा पयाहिणगई पवणऽणुकूलो नमन्ति दुमा ॥९॥
[गन्धोदकं च वर्षं वर्षं कुसुमानां पञ्चवर्णानाम् ।
शकुनाः प्रदक्षिणगतयः पवनः अनुकूलः नमन्ति द्रुमाः ॥]
भवणवइ-वाणमन्तर-जोइसवासी-विमाणवासी य ।
चिट्ठन्ति समोसरणे जहन्नयं कोडिमेत्तं तु ॥१०॥
[भवनपति–वानव्यन्तर–ज्योतिर्वासि–विमानवासिनश्च ।
तिष्ठन्ति समवसरणे जघन्यकं कोटिमात्रं तु ॥]
इन्तेहिं जन्तेहिं बोहिनिमित्तं च संसयत्थिहिं ।
अविरहियं देवेहिं जिणपयमूलं सयाकालं ॥११॥
[आयद्भिर्यद्भिर्बोधिनिमित्तं च संशयार्थिभिः ।
अविरहितं देवैर्जिनपदमूलं सदाकालम् ]
[1]चउरो जम्मप्पभिई [2]इक्कारस कम्मसङ्खए [3]जाए ।
नव दस य देवजणिए चउतीसं अइसए वन्दे ॥१२॥
[ चत्वारः जन्मप्रभृति एकादश कर्मसङ्क्षये जाताः ।
नव दश च देवजनितान् चतुस्त्रिंशत् अतिशयान् वन्दे ॥ ]
चउतीस [4]जिणाइसया एए मे वण्णिया समासेणं ।
दिन्तु मम जिणवसभा सुयनाणं बोहिलाभं च ॥१३॥
[ चतुस्त्रिंशत् जिनातिशयाः एते मे वर्णिताः समासेन ।
ददतु मम जिनवृषभाः श्रुतज्ञानं बोधिलाभं च ॥ ]

હું જિનવરેન્દ્રની (–તીર્થંકરની) અદ્ભૂત અતિશયરૂપ ગુણોવડે સ્તુતિ કરું છું. એ ( ગુણો ) ત્રણ પ્રકારના છેઃ (૧) સ્વાભાવિક (–સહજ), (૨) કર્મના ક્ષયથી ઉદ્‌ભવેલા અને (૩) દેવકૃત–૧.

(૧) દેહ વિમળ સુગંધવાળો, રોગથી અને પરસેવાથી વર્જિત અને રજ વિનાનો હોય છે. (૨) લોહી ગાયના દૂધ જેવું સફેદ અને દુર્ગંધ વિનાનું હોય છે. માંસ દુર્ગંધ વિનાનું અને શ્વેત હોય છે.–૨

१ यरं । २ वुट्ठि । ३ ईसि भा० । ४ वउथे ।

१ चउहा २ एक्का० ३ जाण ४ वुद्धा ॥

For Private And Personal Use Only

(૩) આહાર અને નીહાર ચર્મચક્ષુવાળાને સદા અદૃશ્ય હોય છે. (૪) (ઉચ્છ્‌વાસ અને) નિશ્વાસ સુગંધી હોય છે. એ (ચાર) ગુણો જન્મથી હોય છે–૩.

(૫) એક યોજન માત્ર ક્ષેત્રમાં સહસ કોટિ જેટલા જીવોનું પ્રમાણ હોય છે. (અર્થાત્ કરોડો મનુષ્યો વગેરે માય છે). (૬) વચન સર્વ પર્ષદાઓને અનુમત અને ધર્મનો બોધ કરાવનારું હોય છે–૪.

(૭–૧૦) પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો, ઇતિ, વેર અને મારિ શાંત થઈ જાય છે (અર્થાત્ નાશ પામે છે). (૧૧–૧૪) અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુર્ભિક્ષ અને સ્વચક્ર તેમ જ પરચક્રનો વિપ્લવ હોતાં નથી–૫.

(૧૫) દેહના પાછલા ભાગમાં રહેલું ભામંડળ સૂર્ય જેવું દેખાય છે. એ (અતિશયો) કર્મના ક્ષયથી ઉદ્‌ભવેલા હોય છે. બીજા આ દેવોએ ભક્તિથી કરેલા છે–૬

(૧૬) (ધર્મ) ચક્ર, (૧૭) છત્ર, (૧૮) રત્નનો (ઇન્દ્ર.) ધ્વજ, (૧૯) શ્વેત અને ઉત્તમ ચામરો, (૨૦) (સુવર્ણના નળ) કમળો, (૨૧) ચાર મુખ, (૨૨) ત્રણ ગઢ, (૨૩) સિંહાસન, (૨૪) દુન્દુભિ તેમજ (૨૫) અશોક (વૃક્ષ), હોય છે–૭.

(૨૬) કાંટાઓ નીચા મુખવાળા રહે છે. (૨૭) નખ અને રુંવાટી અવસ્થિત રહે છે (અર્થાત્ વધતા નથી) (૨૮–૨૯) પાંચે ઇન્દ્રિયોના વિષયો તેમ જ છએ ઋતુઓ મનોરમ હોય છે–૮.

(૩૦) સુગંધી જળની વૃષ્ટિ થાય છે અને (૩૧) પાંચ વર્ણનાં પુષ્પોની વૃષ્ટિ થાય છે. (૩૨) પક્ષીઓ પ્રદક્ષિણા કરે છે (૩૩) પવન અનુકૂળ હોય છે અને (૩૪) વૃક્ષો નમન કરે છે–૯.

(૩૫) જઘન્યથી એક કરોડ ભવનપતિ, વાનવ્યન્તર અને જ્યોતિષ્ક અને વિમાનવાસી (વૈમાનિક) (દેવો) સમવસરણમાં હોય છે–૧૦.

તીર્થંકરના ચરણનું મૂળ સમ્યક્ત્વને માટે આવતા અને જતા સંશયાર્થી દેવોવડે સદાકાળ અવિરહિત હોય છે–૧૧.

જન્મથી ચાર અને કર્મના ક્ષયથી અગિયાર (અતિશય) ઉદ્‌ભવે છે. દેવકૃત નવ વત્તા દસ (–ઓગણીશ) એમ ચોત્રીસ અતિશયોને હું વંદન કરું છું –૧૨

તીર્થંકરના આ ચોત્રીસ અતિશયો મેં સંક્ષેપમાં વર્ણવ્યા છે. જિનોમાં ઉત્તમ (મહાપુરુષો–તીર્થંકરો) મને શ્રુતજ્ઞાન અને સમ્યક્ત્વનો લાભ આપો. –૧૩


## બાર વ્રતની પૂજા અર્થ–સહિત

### [ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા–અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી–મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના.

લખોઃ–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક—સાર્થ

: ( ૩૬ ) :

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦—(૧૪૫) ભગવાન્‌ના મુષ્ક (વૃષણ) અને પુરુષ ચિન્હ આદિ ગુહ્ય પ્રદેશ સામાન્ય પુરુષની માફક દેખવામાં આવે કે નહિ?

ઉ૦—અતિશય ગુપ્ત હોવાથી પ્રાયશઃ ઘણું કરીને ઉત્તમ જાતિના હાથી અને ઘોડાની માફક જોવામાં આવે જ નહીં, પ્રાયશ શબ્દ વાપરવાથી ગૃહસ્થપણામાં સ્ત્રીસંભોગકાલે કથંચિત્ જોવામાં આવે તો પણ દોષ નથી. यदुक्तं योगशास्त्रप्रथमप्रकाशटीकायां—स्वामिनः कुंजरस्येव मुष्कौ गूढौ समस्थितौ ॥ अतिगूढं च पुंश्चिह्नं कुलीनस्येव वाजिनः ॥ ६० ॥

ભાવાર્થ—હાથી અને કુલીન ઘોડાની માફક ભગવાન્‌ના મુષ્ક (વૃષણ) ગુપ્ત અને સરખી સ્થિતિમાં હોય અને પુરુષચિન્હ અતિશય ગુપ્ત હોય સામાન્ય માણસો જોઈ શકે નહિ. **શંકા**—સિદ્ધાંતમાં પણ આ અર્થ કોઈ સ્થળે છે. **સમાધાન**—ઔપપાતિક ઉપાંગસૂત્ર અને તેની ટીકામાં છે, તથાહિ—"वर तुरग सुजाय गुज्झ देसेत्ति" वरतुरगस्येव सुजातः सुगुप्तत्वेन सुनिष्पन्नो गुह्यदेशो यस्य स तथा इति वीरप्रभुवर्णनाधिकारे"

ભાવાર્થ—ઉત્તમ ઘોડાની માફક અતિશય ગુપ્ત છે ગુહ્ય પ્રદેશ જેનો એવા આ પ્રમાણે વીર પ્રભુના વર્ણનના અધિકારમાં આવત છે. **શંકા**—જો એમ છે તો કેટલાક અતિ પ્રગટ ગુહ્ય પ્રદેશવાલી ભગવાન્‌ની પ્રતિમા કરાવે છે તે વંદ્ય કે અવંદ્ય છે? **સમાધાન**—પ્રથમ તો તે ભગવાન્‌ની પ્રતિમા જ ન કહેવાય, કારણ કે ભગવાનની પ્રતિમાને પણ ભગવાનની માફક ગુહ્ય પ્રદેશ અતિ ગુપ્ત હોવું જોઈએ, તે પ્રતિમાને તો ગુહ્ય પ્રદેશ સાક્ષાત્ દેખાય છે, તો પછી તે પ્રતિમાઓનું વંદનિકપણું કેમ ઘટી શકે, વળી ઉત્સૂત્ર બોલનારાએ પ્રતિષ્ઠા કરેલી પ્રતિમાઓ અવંદ્ય છે વાંદવા કે પૂજવા લાયક નથી, જિનપતિસૂરિએ પ્રબોધોદયમાં पौर्णमासिकादिमतवर्तीनि चैत्यानि अवन्द्यान्येव अनधिकारिप्रतिष्ठापितत्वात् दिगंबरादिपरिग्रहीतवत् इत्यादि"

ભાવાર્થ—પુર્ણિમા ગચ્છની પ્રતિષ્ઠિત મૂર્તિઓ અવન્દ્ય જ છે અનધિકારિની પ્રતિષ્ઠા કરેલ હોવાથી, દિગંબરે ગ્રહણ કરેલ હોય એની પેઠે, એ પ્રમાણે જૈન દર્શનના મિથ્યાદષ્ટિએ ચૈત્યવાસિઓએ પણ ગ્રહણ કરેલી પ્રતિમા વર્જનીય છે. "कूराभिग्गहियमहा मिच्छाद्दिट्ठीहिं पावेहिं अहमाहमेहिं नामायरिय उवज्झायसाहुलिंगीहिं जिनघरमढआवासोपकप्पिओ मायसीयलेहिं इत्यादि"

ભાવાર્થ—દુષ્ટ આગ્રહી મહામિથ્યાત્વી પાપી અધર્મી નામ માત્રથી આચાર્ય ઉપાધ્યાય સાધુવેષને ધારણ કરનારા જિનમંદિરરૂપ મઠમાં નિવાસ કરનારા ઇત્યાદિ મહાનિશીથ સૂત્રના વચનોવડે ચૈત્યવાસિઓનું મિથ્યાદષ્ટિપણું જાણવું. **શંકા**—ચૈત્યવાસિ આદિની પ્રતિષ્ઠિત પ્રતિમાના દર્શનથી પણ કોઈકને સમ્યક્ત્વાદિની પણ પ્રાપ્તિ થાય છે તો પછી તેને વંદન કરવા માટે જવામાં શો દોષ છે? **સમાધાન**—ચૈત્યવાસિ લિંગી પ્રમુખની નિશ્રાવાલા મંદિરમાં જિન પ્રતિમાના દર્શનથી કોઈકને કથંચિત્ સમ્યક્ત્વાદિ રત્ન ઉત્પન્ન થાય તો પણ "जइवि हु सम्मुप्पाओ कस्सवि" इत्यादिना આ વાક્યથી કલ્પભાષ્યમાં નિહ્નવની માફક તેમની પ્રતિમાનો ત્યાગ કરવાનું કહ્યું છે ત્યાં વિવેકીઓને જવું તે યોગ્ય નથી ઇત્યાદિ સર્વ અર્થ પ્રબોધોદયમાંથી સંક્ષેપમાં લખ્યો છે. શ્રી બૃહદ્‌કલ્પ ભાષ્ય ચૂર્ણિ આદિમાં આ અર્થ વિસ્તારથી લખેલ છે. **શંકા**—નિહ્નવાદિકે ગ્રહણ કરેલી



For Private And Personal Use Only

પ્રતિમા જેમ અવન્દ્ય છે તેમ તેમના કરેલા સ્તોત્ર પ્રકરણ આદિ પણ સમ્યક્દૃષ્ટિ જીવોને ગ્રાહ્ય કે અગ્રાહ્ય છે? **સમાધાન**–અગ્રાહ્ય જ છે. મહાનિશીથ સૂત્રના ચોથા અધ્યયનમાં કહ્યું છે કે–" जे भिक्खु वा भिक्खुणी वा परपाखण्डीणं पसंसं करेज्जा, जेआवि णिण्हगाणं पसंसं करेज्जा, जेआवि निन्हगाणं अनुकूलं भासेज्जा, जेआवि निन्हगाणं आययणं पविसिज्जा, जेआवि निन्हगाणं गंथं सत्थं पयक्खरं वा परूवेज्जा, जेणं निन्हगाणं संतिए कायकिलेसाइतवे वा संजमेइ वा णाणेइ वा विणणेइ वा सुएवा पंडिच्चेइवा, अभिमुहमुद्धपरिसा सज्झगए सिलाहेज्जा से धिआणं परिमाहम्मिएसु उववज्जेज्जा ? जहा सुमतीति "

**ભાવાર્થ**–જે સાધુ અથવા સાધ્વી પર પાખંડીઓની પ્રશંસા કરે, જેઓ નિન્હવોની પ્રશંસા કરે, જેઓ નિન્હવોને અનુકૂળ બોલે, જેઓ નિન્હવોના સ્થાનમાં પ્રવેશ કરે, જેઓ નિન્હવોના ગ્રંથ–શાસ્ત્ર–પદ–અક્ષરની પ્રરૂપણા કરે, એટલે તેમના ગ્રંથો વાંચે ભણે જેઓ નિન્હવો સંબંધી લોચાદિકાયષ્ટ વા તપ સંયમ–જ્ઞાન–વિજ્ઞાન–શ્રુત–પંડિતપણાને ભોળા માણસોની સભામાં વખાણે પ્રશંસા કરે તે જીવ પરમાધર્મીદેવમાં ઉત્પન્ન થાય, જેમ સુમતિ ॥ ૧૪૫ ॥

**પ્ર૦**–(૧૪૬) શ્રી શય્યંભવસૂરિ મહારાજે પોતાપુત્ર મનકમુનિ દેવ થઇને ગયા પછી એટલે તેનો સ્વર્ગવાસ થયા પછી અશ્રુપાત કર્યો તે શોકથી કે હર્ષથી?

**ઉ૦**–કેટલાક શોકથી અશ્રુપાત કર્યો એમ કહે છે તે અયોગ્ય છે. યુગપ્રધાનપણાને લઇને તે મહાપુરુષ શ્રુતકેવલીને શોકનો અસંભવ છે પરંતુ હર્ષથી અશ્રુપાત થયો છે. અહો! થોડા કાલમાં આ બાલ મુનિએ સંયમની આરાધના કરી. આ વિચાર જ તેમાં હર્ષનું કારણ છે જેને માટે દશવૈકાલિક નિર્યુક્તિમાં કહ્યું છે કે जाणंद अंसुपायं काही सज्जंभवा तहि थेरा ॥ जसभद्दस्स य पुच्छा कहणाय वियारणा संघे ॥ १ ॥ અહો આણે આરાધના કરી એવા હર્ષથી અશ્રુપાત થયો ॥૧૪૬॥

**પ્ર૦**–(૧૪૭) દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવ એ ચારમાં કોણ કોનાથી અતિશય સૂક્ષ્મ છે?

**ઉ૦**–સમયાત્મક કાલ સૂક્ષ્મ છે. કારણ કે આંખના એક નિમેષ ઉન્મેષ( પલકારા )માં અસંખ્યાતા સમય થઇ જાય છે, કાલથી પણ ક્ષેત્ર બહુ સૂક્ષ્મ છે કારણ કે એક અંગુલ જેટલી ક્ષેત્રની શ્રેણિમાં જેટલા આકાશ પ્રદેશો હોય, તે આકાશ પ્રદેશોને સમયે સમયે એક એક આકાશ પ્રદેશને હરણ કરીએ ત્યારે અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી જેટલો કાલ લાગે, **ક્ષેત્રથી** પણ દ્રવ્ય બહુ સૂક્ષ્મ છે કારણ કે એક એક આકાશ પ્રદેશમાં અનંતા અનંત પરમાણુ આદિ પુદ્‌ગલ દ્રવ્યો અવગાહીને રહેલા છે, **દ્રવ્યથી** ભાવ બહુ સૂક્ષ્મ છે, કારણ કે દરેક પરમાણુ આદિ દ્રવ્યોમાં અનંતા અનંત પર્યાયો રહેલા છે. यदुक्तं आचारांगनियुक्तिवृत्त्योर्लोकप्रकाशे च–निउणो य हवइ कालो तत्तो निउणयरं अहवइखित्तं ॥ अंगुलसेढीमित्ते ओसप्पिणीओ असंखिज्जा ॥ ८९ ॥

**ભાવાર્થ**–સમયરૂપ કાલ સૂક્ષ્મ છે અને કાલથી ક્ષેત્ર વધારે સૂક્ષ્મ છે; કારણ કે એક અંગુલ જેટલી શ્રેણીના આકાશ પ્રદેશોને સમયે સમયે એક એક આકાશ પ્રદેશને હરણ કરાએ ત્યારે અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી જેટલો કાલ લાગે, કાલથી ક્ષેત્ર બહુ સૂક્ષ્મ છે. तथा कालवृद्धौ द्रव्यभावक्षेत्रवृद्धिरसंशयम् ॥ क्षेत्रवृद्धौ तु कालस्य भजना क्षेत्रसौक्ष्मतः ॥ १९ ॥

द्रव्यपर्याययो वृद्धिरवश्यं क्षेत्रवृद्धितः ॥ अत्रशेषो विशेषश्च ज्ञेय आवश्यकादितः ॥२०॥

**ભાવાર્થ**–કાલની વૃદ્ધિ થવાથી દ્રવ્ય, ભાવ અને ક્ષેત્રની વૃદ્ધિ અવશ્ય થાય છે. ક્ષેત્રની વૃદ્ધિ થવાથી ક્ષેત્રની સૂક્ષ્મતાના કારણથી કાલની વૃદ્ધિમાં ભજના જાણવી થાય કે ન પણ થાય. દ્રવ્ય અને પર્યાયની વૃદ્ધિ થવાથી ક્ષેત્રની વૃદ્ધિ અવશ્ય થાય છે, અત્ર બાકીની વિશેષતા આવશ્યકસૂત્રથી જાણવી. ત્રીજો સર્ગ અવધિજ્ઞાનનો અધિકાર ॥ ૧૪૭ ॥ (ચાલુ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# उपाध्याय मेघविजय रचित चित्रकोश–विज्ञप्ति लेख

--अगरचंद नाहटा–बीकानेर

जैनाचार्यों व उनके आज्ञानुवर्ती मुनिगण एवं श्रावकों द्वारा विज्ञप्तिलेख भेजने की प्रणाली काफी पुरानी है। छै: सौ वर्ष पुराने विज्ञप्तिलेखभी आज भी प्राप्त हैं। इन विज्ञप्ति-पत्रों में यात्राविवरण रहता था, और अपने यहाँ के समाचार भी निवेदीत किये जाते थे। श्रावक संघ की ओर से आचार्यश्री को अपने यहाँ पधारकर चातुर्मास करने की विज्ञप्ति की रहती थी। पर्यूषण आदि महापर्वों की धर्माराधना का वृतान्त भी इन पत्रों में लिखा जाता था। साहित्य, काव्य और कला की दृष्टि से भी इनका महत्त्व है कई पत्रों का ऐतिहासिक दृष्टि से भी। इन विज्ञप्तिलेखों के लिखने की कला का भी खूब विकास हुआऔर बड़े बड़े महाकाव्य जैसे लम्बे और विशिष्ट लेख तैयार होने लगे। चित्रकला के संयोग से १७ वीं शताब्दी से इन लेखों का कलात्मक महत्त्व भी बढ़ा और १०८ फुट तक के लम्बे सचित्र विज्ञप्ति लेख तैयार हुए। प्राप्त पचासों सचित्र विज्ञप्तिलेख इस के प्रमाण हैं।. जिस नगर के श्रावकों की ओर से ये भेजे जाते, उस नगर का चित्रमय दृश्य भी इन पत्रों में देखने को मिलता है। साहित्य और काव्य की दृष्टि से भी इन लेखों को खूब सजाया जाता रहा। ऐसे कुछ विज्ञप्तिलेख का संग्रह मुनि जिनविजयजीने "सिंघी जैन ग्रंथमाला" से गतवर्ष प्रकाशित किया है। हमारे संग्रह में भी संस्कृत, प्राकृत, हिन्दी, राजस्थानी भाषा के गद्य–पद्यमय कई विज्ञप्तिलेख हैं, जिनमें से कुछ तो मुनिजी को भेजकर उक्त संग्रह में प्रकाशित किये गये हैं। अवशिष्ट इस, ग्रन्थ के अन्य भागमें प्रकाशित करनेकी योजना है। पर वह सफल होगी या नहीं, कहा नहीं जा सकता।

१८ वीं शताब्दी में मेघविजय उपाध्याय संस्कृत के बहुत बड़े कवि तथा विद्वान हो गये हैं। वे संभवतः प्रतिवर्ष तत्कालीन आचार्यश्री को संस्कृत पद्यबद्ध विज्ञप्तिलेख भेजते रहे हैं। इन में से 'मेघदूत समस्या-पूर्तिमय' विज्ञप्तिपत्र और 'विजयदेवसूरिविज्ञप्तिका' ये दो लेखों मुनि जिनविजयजी–संपादित ग्रन्थ में प्रकाशित हुए हैं। उनके रचित अन्य भी ऐसे ४, ५ लेख मेरे देखने में आए हैं, जिनमें से तीन अपूर्णरूप से प्राप्त हुए हैं। इनमें सबसे महत्वपूर्ण 'चित्रकोश' नामक विज्ञप्ति लेख है, जिस की एकमात्र अपूर्ण प्रति हमारे संग्रह में है।

प्राप्त प्रति के प्रारंभ के ४ पत्र नहीं हैं, जिनमें इस लेखका प्रथमाधिकार में था। तीसरा अधिकार ८ वें पत्र से प्रारंभ होता है, पर उसके आगे के पन्ने नहीं मिलने से प्राप्तप्रति में उसके नौ पद्य ही मिले हैं अतः इसके और कितने पद्य और थे तथा तीन अधिकार ही थे या लेख और भी बड़ा था? यह बतलाने का कोई साधन नहीं है। द्वितीयाधिकार में 'नगरवर्णन' ४७ पद्यों का है। तीसरे अधिकार में परम गुरुराज–वर्णन (प्रारंभ होता) है। द्वितीयाधिकार में सादड़ी नगर का वर्णन है और तृतीयाधिकार में विजयप्रभसूरि का वर्णन है। इससे यह लेख सादड़ी से



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विजयप्रभसूरिजी को मेघविजय उपाध्यायने भेजा था, पर कहाँ भेजा गया कब भेजा गया? यह आदि-अन्त के न मिलने के कारण निश्चयरूप से नहीं कहा जा सकता। वैसे विजयप्रभसूरिजी का समय संवत १७१० से १७४८ तक का है, पर सं. १७३२ में विजयरत्नसूरि उनके पट्टधर नियुक्त हो चुके थे और उनका इसमें उद्देश नहीं है। अतः विशेष संभव यह लेख सं. १७३२ से पूर्व प्रेशितका है। प्रथमाधिकार में सिंहासन चित्र, सिंहासनपृष्ठे फलकचित्र, श्रिवत्सचित्र, मत्स्य-युगलचित्र, स्वस्तिकचित्र, बीजपूरचित्र, नन्दावर्त, भद्रासन, नसवसम्पुट, दर्पण, गोमूत्रिका, चतुर्विंशतिदलकमल, अष्टार, नागसंगम, मालतीपुष्प आदि चित्रकाव्यमय बोध हैं, और श्री वत्स, स्वस्तिक, बीजपूरक, सिंहासन, नन्दावर्त भद्रासन, मत्स्ययुगल, सराव सम्पुट, दर्पण, अष्टारचक्र, गोमूत्रिका, चतुर्विंशतिदलकमल, नागपाश, मालतीपुष्प के चित्र बना कर उसमें पद्यों को फिट किया गया है। तृतीयाधिकार में-समुद्गक, अकंडव्यंजन, बीजपूर, सूर्यमुखी पुष्प, चतुर्दल देवकुसुम आदि चित्रकाव्यमय श्लोक में है। इस तरह चित्रकाव्य की दृष्टि से यह विज्ञप्तिलेख बहुत महत्त्व का है। अत एव इसका नाम "गुरुविज्ञप्ति लेखरुपचित्रकोश-काव्य" दिया गया है। वह सार्थक है।

सादड़ी नगर के वर्णन से पूर्व 'वरकाणा-पार्श्वतीर्थ' की स्तुति है। संभव है, प्रथमाधिकार में तीर्थंकरों की स्तुति होगी। द्वितीयाधिकार में मेघविजयने अपने को शिशुरूप से संबोधित किया है। इस लिये यह उन की माध्यमिक रचनाओं में से ही एक है, और तब तक उन्हें उपाध्याय पद नहीं मिला था। इस लेख में सांवत्सरिक पर्व का उल्लेख है। इस लिये वह उसी उपलक्ष्य में भेजा गया, सिद्ध होता है। यहाँ इस चित्रकोश के कुछ आवश्यक पद्य उद्धृत किए जाते हैं, जिन से पाठकों को उपरोक्त बातों का आभाश मिल जाय।

"तीर्थं श्री वरकाणपार्श्व भगवद्दीप्रप्रदीपोज्ज्वितम्,
सद् दिव्यासुयदद परितममरैर्नेहुर्जयश्रीकरम्"
प्रोल्लासेन विनोदकारि जगतां यत्रत्रयं वासवा-
वासस्यभ्रममभ्र संगिशिखरे धत्ते जिनासेवने॥१५।
—मत्स्युगलचित्रम् ॥

यत्र श्री परमेशितुर्गणपतेः पदाम्बुजन्यासतः
संततं परिपूजयंति जगतीदेशं सुरूपादिभिः ॥
तेनैतन्नगरं पुरन्दरपुरं साक्षाद् हसत्पुष्पकै-
रुच श्री मति विंध्यशैल निकटे पश्चामिनी
श्रीपुरे ॥१६॥

अथ श्री सादड़ीनगरवर्णनम् ॥

मनोभिरामं महसांनिधानं,
मनोस्तनूजं जयन्तन् पुनानं,
मडंकराभं भवसन्निधानं-
मत्रास्ति जैनं नवचैत्य भानम् ॥१७॥

शिशुः समेधाविजयोजयोर्वी,
पतेर्मतैः स्फातिकरस्य सम्यग्,
गणप्रभोर्भक्ति भरेण नम्रः,
संयोजयन्नञ्जलिना स्वभालम् ॥३८॥

जननतः शुचिशगमनायकः,
सनयतां गणभृद् विजयप्रभः।
जननतः शुचिपगमनायकः
(क) (ख)
सनयतां गणभृद् विजयप्रभः ॥३॥

इस विज्ञप्तिलेख की पूर्णप्रति अन्वेषणीय है।

(क) न्यायवत्ताम्। (ख) ईश्वर।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## पुस्तकोनी पहोंच

૧. અનુભવવાણી–( ગાંધી પ્રાણજીવન હરગોવિંદદાસના લેખોનો સંગ્રહ ) સંપાદક ગાંધી બિપિનકુમાર પ્રાણજીવનદાસ. પ્રકાશક–મનસુખલાલ હેમચંદ–મુંબઈ. મૂલ્ય રૂા. ૨.

આ પુસ્તકમાં ગાંધી પ્રાણજીવનદાસના લેખો મુખ્યત્વે છ વિભાગોમાં આપવામાં આવેલ છે. (૧) સામાજિક, (૨) વ્યવહારિક, (૩) આર્થિક, (૪) વ્યાપારિક, (૫) આરોગ્ય, (૬) સાંસ્કારિક, અનુભવવાણીના લેખોમાંથી જૈન સમાજની પરિસ્થિતિનું વાંચકને ભાન થશે. અને તેને દૂર કરવા માટે શું શું ઉપાયો કરવા તે પણ જણાશે. તેમનો નીચેનો પારીગ્રાફ દરેક કાર્યકરને વિચારવા યોગ્ય છે. "લોકહિત કે ધાર્મિક પ્રવૃત્તિઓ જો કે સારી છે પરંતુ તે જીવનનું અંતિમ ધ્યેય હોવું ન જોઈએ. આ બધી પ્રવૃત્તિઓમાં જો જાગ્રત ન રહેવાય તો રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, મોહ કે અભિમાનનો અસર ઓછા વત્તુ અંશે પડયા વિના રહેતી નથી."

૨. આત્મજ્યોતિ–( શ્રીમદ્ રાજચંદ્રની કૃતિઓનો અલ્પ સંગ્રહ ) સંગ્રાહક–ભાયાણી હરિલાલ જીવરાજ કાપડીયા. આવૃત્તિ બીજી. પ્રકાશક–ઊંઝા ફાર્મસી–ઊંઝા. મૂલ્ય રૂા. ૧.

આ સંગ્રહ તેના નામ પ્રમાણે દરેક મુમુક્ષુના આત્મામાં જ્ઞાનજ્યોતિ જરૂર પ્રગટાવશે.

પ્રશ્નોત્તરસાર્ધશતક–સાર્થ–ગુજરાતી ભાષામાં અનુવાદ કરતા આચાર્ય શ્રી વિજયમહેન્દ્રસૂરિ મહારાજ, પ્રકાશકઃ–શ્રી વર્દ્ધમાન–સત્ય–નીતિ–હર્ષસૂરિ ગ્રંથમાળા–અમદાવાદ. મૂલ્ય પઠન–પાઠન.

આ ગ્રંથમાં આગમ, પ્રકરણ, તત્ત્વજ્ઞાન અને અનુષ્ઠાનગત અનેકવિધ રહસ્ય પ્રશ્નોત્તર દ્વારા રજુ કરવામાં આવેલ છે. આ ગ્રંથના રચયિતા મહામહોપાધ્યાય ક્ષમાકલ્યાણકગણિ છે. ક્ષમાકલ્યાણકગણિએ વિ. સં. ૧૮૫૧ માં આ ગ્રંથની રચના જેસલમેરમાં કરી હતી.

૪. श्रीदयावर्धनमुनीश्वरविरचितम् । श्री पर्वतिथिदिनविचारे महाप्रबोधदायकम् । श्री रत्नशेखरनरेन्द्र–रत्नवतीराज्ञीकथानकम् । सम्पादकः–संशोधकश्च–पंन्यास श्री विक्रमविजयजी गणीवर ।

આ કથાનો મુખ્ય ઉદ્દેશ પર્વતિથિ આરાધન છે; તેથી આ ગ્રંથમાં કેટલી પર્વતિથિઓ છે, તેનું શાસ્ત્રીય પ્રતિપાદન કરવામાં આવેલ છે.

## ખેદકારક સ્વર્ગવાસ

ભાવનગરનિવાસી સંઘવી દુલભદાસ નાનચંદ મોતીવાળા વૈશાખ વદ ૫ શુક્રવારના રોજ ૬૫ વર્ષની ઉંમરે ટુંક માંદગી ભોગવી સ્વર્ગવાસી થયેલ છે. તેઓ સ્વભાવે હસમુખા અને મિલનસાર હતા. આપણી સભાના વર્ષોથી વાર્ષિક સભાસદ હતા. તેમના સ્વર્ગવાસથી સભાને લાયક સભાસદની ખોટ પડી છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાન્તિ ઈચ્છી તેમના આપ્તજનો પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


અપૂર્વ પ્રકાશન                                   અવશ્ય વસાવો

# લલિત વિસ્તરા

કર્તા—સમર્થ વિદ્વાન મહર્ષિશ્રી હરિભદ્રસૂરીશ્વરજી

વિવેચનકર્તા—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ ૭૬૨, પાકું હોલકલોથ બાઈંડીંગ, સુંદર છાપકામ

**મૂલ્ય માત્ર રૂપિયા નવ**

"શ્રી સિદ્ધર્ષિ" જેવા મહાવિદ્વાન આચાર્ય મહારાજશ્રી પણ જે ગ્રંથના વાચનથી જૈન ધર્મમાં સ્થિર થયા તેવા આ અપૂર્વ ગ્રંથનું મૂલ્યાંકન થઈ શકે નહિ.

જૈન ધર્મનું હાર્દ સમજવા માટે તેમજ ચૈત્યવંદન—રહસ્ય સમજવા માટે આના જેવો ઉત્તમ કોટિનો કોઈ ગ્રંથ નથી. આ ગ્રંથને બાળજીવો અને સૌ કોઈ સરળ રીતે સમજી શકે તે માટે વિદ્વાન લેખક ડૉ. ભગવાનદાસે સુંદર વિવેચન આલેખ્યું છે અને તે અંગે પંચાંગી યોજના કરી છે.

અતિ આવશ્યક આવા ગ્રંથની પ્રશંસા કરવી તે સુવર્ણને ઓપ આપવા જેવું છે. દરેક ધર્મપ્રેમી ગૃહસ્થે અને લાયબ્રેરીના વ્યવસ્થાપકે આવો સુંદર ગ્રંથ વસાવી લેવો જોઈએ. કીંમત રૂપિયા નવ, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

# જૈન રામાયણ

પ્રસિદ્ધ થઇ ગયું છે

**[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર પર્વ—૭ મું ભાષાંતર ]**

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.

મુલ્ય રૂા. ચાર (પોસ્ટેજ અલગ)

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર


પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય—ભાવનગર

For Private And Personal Use Only